ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં રાતભર વરસાદ : મોસમનો ૨૦ ઈંચ

## છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સાડા ત્રણ ઈંચ વરસાદ : ગઈકાલ સાંજથી આજ સવાર સુધી ચાલુ રહેલા વરસાદથી શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં ગઈકાલે સાંજે શરૂ થયેલો વરસાદ આખી રાત ચાલુ રહ્યો હતો. દિવસ દરમ્યાન પણ સારૂ એવુ ઝાપટુ પડતા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. સતત વરસાદી માહોલના કારણે વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ છે. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૪ મી.મી. વરસાદ વરસતા મોસમનો કુલ વરસાદ ૫૦૧ મી.મી. નોંધાયો છે. અર્થાત સીઝનનો ૨૦ ઈંચ વરસાદ થયો છે.

ગાંધીનગર શહેરમાં ગઈકાલ સાંજથી જોરદાર વરસાદી માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે. ગઈકાલે સાંજે તો લગભગ દોઢ-બે કલાક સુધી ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના કારણે શહેર આખુ પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. સાંજ પછી શરૂ થયેલા વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક થઈ ગઈ છે. સાંજે ધોધમાર વરસેલો વરસાદ લગભગ દોઢ-બે કલાક પછી ધીમો પડ્યો હતો. જોકે ધીમી ધારનો વરસાદ આખી રાત ચાલુ રહ્યો હતો. દોઢ-બે કલાકમાં બે થી અઢી ઈંચ જેટલો વરસાદ વરસી ચૂક્યો હતો. રાત્રે ધીમો પડેલો વરસાદ આખી રાત વરસતો રહ્યો હતો. રાત્રી દરમ્યાન લગભગ એકાદ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. સાંજથી શરૂ થયેલી મેઘરાજાની તોફાની બેટીંગના કારણે ખુલ્લામાં રહેતા શ્રમજીવીઓને રાત વિતાવવી અઘરી પડી હતી. બસસ્ટેન્ડ જેવા જાહેર સ્થળોએ શ્રમજીવીઓએ પરિવાર સાથે આશરો લીધો હતો અને મેઘરાજા ખમૈયા કરે તેની રાહ જોઈ રહ્યા હતા.



આજે આખો દિવસ પણ વરસાદી માહોલ યથાવત રહ્યો હતો. કેટલાક વિસ્તારોમાં ઉઘાડ પણ નીકળ્યો હતો. બપોર બાદ પુનઃ આકાશમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વાદળોનો ઘેરાવો વધ્યો હતો. જિલ્લામાં ઘણા સ્થળોએ ધોધમાર વરસાદ દિવસ દરમ્યાન વરસ્યો હોવાના અહેવાલ છે. વરસાદી વાતાવરણના કારણે શહેરમાં ઠંડક છવાઈ ગઈ છે અને મહત્તમ તાપમાનનો પારો ૩૦.૮ ડિ.સે. નોંધાયો છે, જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૧૦૦ ટકા અને સાંજે ૯૭ ટકા રહ્યુ હતુ. ગઈકાલથી આજ સાંજ સુધી પડેલા વરસાદના કારણે સિઝનનો કુલ વરસાદ ૫૦૧ મી.મી. જેટલો થયો છે.

આ વર્ષે ગાંધીનગરમાં ચોમાસાના પ્રથમ છ સપ્તાહમાં જ મોસમનો ૬૫ ટકા વરસાદ થઈ જતા પાણીની સમસ્યા હળવી બનશે. આમ છતાં આટલો વરસાદ હોવા છતાં પણ બફારાનું પ્રમાણ યથાવત રહેતા નગરજનો ત્રસ્ત છે.

ભારે વરસાદ સતત પડતાં શહેરમાં ખોદાયેલા ખાડાઓમાં પાણી ભરાઈ જવાની ફરિયાદો અને ભુવા પડવાની ફરિયાદ દર વખત કરતા આ વખતે વધુ રહી છે. ૨૪ કલાક પાણીની યોજનાના ખાડાઓના પુરાણ અને ડ્રેનેજ લાઈન માટે ખોદાયેલી લાઈનોના પુરાણ સામે નાગરિકો સતત ફરિયાદ ઉઠાવતા જ રહ્યા છે. માધ્યમોમાં પણ આ જ સમસ્યાઓનું આલેખન વારંવાર હોવા છતાં કોઈ નોંધનીય સુધારો ન થતાં નાગરિકોમાં નિરાશા વ્યાપેલી જોવા મળે છે.

## નવા ગાંધીનગરમાં પાર્કિંગની જગ્યાએ બાંધકામ કરનારા સામે પગલાં લેવાશે

### કોમર્શિયલ વિસ્તારમાં ટ્રાફિક જામ અને આડેધડ પાર્કિંગ ડામવા નવતર અસરકારક આયોજન કરાશે

ગાંધીનગર, તા.૨૩

નવા ગાંધીનગર વિસ્તારમાં વાહન પાર્કિંગની સમસ્યા પેચીદી બની છે રાંદેસણ, કુડાસણ અને રાયસણ સહિતના વિસ્તારમાં રોજબરોજ પાર્કિંગનો પ્રશ્ન શિરદર્દ સમાન બનવા તરફ છે આવા સંજોગોમાં ગુડાના વિસ્તારમાં આ સમસ્યાને ડામવા માટે નવી કન્સટ્રકશન સાઈટ ના વિસ્તારમાં જરૂરી નિયમોનું યોગ્ય પાલન થાય તે દિશામાં આયોજન કરવામાં આવ્યું છે . જ્યારે આ અન્વયે વાણિજ્ય વિસ્તારમાં વાણિજ્ય હેતુની વિવિધ સ્કીમમાં પાર્કિંગની જગ્યા દર્શાવ્યા બાદ અન્ય બાંધકામ કરનારા સામે પગલા લેવામાં આવશે

કોમર્શીયલ કોમ્પ્લેક્ષને અનુલક્ષીને બિલ્ડરે જ સ્વ ખર્ચે પાર્કિંગની વ્યવસ્થા તૈયાર કરવાની રહેશે. આ જગ્યામાં બાંધકામ કરવામાં આવ્યું હોય તેવા કિસ્સામાં તોડવાનું રહેશે આવા કિસ્સામાં બાંધકામ હટાવ સુધીના પગલાં લેવાશે . કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં પાર્કિંગની સુવિધા મામલે સર્વે પણ હાથ ધરાશે વાણિજ્ય પ્રવૃતિથી ધમધમતા વિસ્તારોમાં ટ્રાફિક જામની સ્થિતિ ડામવા વાણિજ્ય વિસ્તારોમાં પોલીસના તંત્ર ના સહયોગથી આડેધડ પાર્ક કરાયેલા વાહનો ટોઈંગ કરવામાં આવશે . વાણિજ્ય સંકુલો આસપાસ પાર્કિંગની સુવિધાને નિયમિત કરવા ધ્યાન કેન્દ્રિત કરાયું છે

શહેર તેમજ આસપાસ ના જાહેર સ્થળો અને સરકારી

● અનુસંધાન પાન-૭ પર

## શિક્ષકો અને શૈક્ષણિક કર્મચારીઓ આજથી કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ રાજ્યના મુખ્યમંત્રીને એક પત્ર પાઠવી રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના સરકારશ્રીએ જાહેરાત કરેલા પ્રશ્નોના ઉકેલ સંદર્ભે પરિપત્રો સત્વરે જાહેર કરવામાં આવે તેવી માંગ કરી છે.

રાજ્યમાં નવી રચાયેલ સરકારે ત્રણ ત્રણ વખત જાહેરાત કર્યા પછી પણ પ્રશ્નોના ઉકેલ ના આવતાં સંકલન સમિતિને આંદોલનનો માર્ગ પસંદ કરવાની ફરજ પડી હોવાનું આ પત્રમાં સ્પષ્ટ જણાવ્યુ છે. આગામી ૨૪મીથી તમામ શિક્ષકો અને કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી ફરજો બજાવશે એટલુ જ નહિ સંચાલકોની હાજરીમાં પ્રથમ બે તાલમાં વાલી સંમેલન યોજી વાલીઓને શાળામાં કર્મચારીઓની ઘટ અને શિક્ષકોને આપવામાં આવતી શિક્ષણ સિવાયની કામગીરીને લીધે બાળકોના શિક્ષણ પર થતી અસરોથી વાકેફ કરશે. ૨૯ જુલાઈના રોજ તમામ ઘટક સંઘોના હોદ્દેદાર ભેગા મળી પોતાના વિસ્તારના સાંસદ અને ધારાસભ્યોને આવેદનપત્ર આપશે. શૈક્ષણિક સંઘની સંકલન સમિતિએ હાલ તો આ કાર્યક્રમોની જાહેરાત કરી છે. આગામી દિવસોમાં આ અંગે આંદોલન ઉગ્ર કરવામાં આવશે તેમ પણ આ પત્રમાં જણાવ્યુ છે.

## રેલ્વે સ્ટેશને વધારાની એક નવી ટ્રેક માટે ૯૦૦ થી વધુ વૃક્ષો કાપવા મંજૂરી મંગાઈ

### એક તરફ ગાંધીનગરને હરિયાળુ બનાવવાની કવાયત ચાલી રહી છે અને બીજી તરફ વૃક્ષોના કટીંગની દરખાસ્તો પણ સતત વન વિભાગ પાસે વધી રહી છે : એક હજાર જેટલા વૃક્ષો કાપવાની વાતને લઈ નગરજનોમાં ભારે ચર્ચા જાગી છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર રેલ્વે સ્ટેશન પર વધારાની એક નવી ટ્રેક નાખવામાં આવનાર છે. આને લઈ ૯૦૦ થી વધુ વૃક્ષો કાપવાના થતા હોઈ રેલ્વે મંત્રાલયે આ અંગેની એક દરખાસ્ત વન વિભાગને કરી અને તેની મંજૂરી માંગી છે.

એક તરફ ગાંધીનગરને હરિયાળુ બનાવવાની કવાયત ચાલી રહી છે અને બીજી તરફ વૃક્ષોના કટીંગની દરખાસ્તો પણ સતત વન વિભાગ પાસે વધી રહી છે ત્યારે વન વિભાગની હાલત વધુ કફોડી બની જવા પામી છે.

ગાંધીનગર રેલ્વે સ્ટેશનના વિકાસને ધ્યાને રાખી રેલ્વે સ્ટેશન ખાતે એક વધારાની ટ્રેક નાખવાનું આયોજન રેલ્વેતંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે. આ ટ્રેક નાખવા માટે વૃક્ષો વચ્ચે આડખીલી બની રહ્યા છે.

રેલ્વે સ્ટેશન પર પહેલા સિમીત ટ્રેનો આવતી હતી હવે ટ્રેનોની ફિકવન્સી વધતાં વધારાની એક નવી ટ્રેક ઉભી કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. વૃક્ષોના કટીંગ માટે રેલ્વેતંત્રએ વન વિભાગને દરખાસ્ત કરી છે. જો કે વન વિભાગે હાલ તો આ દરખાસ્ત પર કોઈ નિર્ણય લીધો નથી પરંતુ આગામી દિવસોમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવશે.

ગાંધીનગરમાં ગટરલાઈન નાખવાના મુદ્દે પાંચ હજાર વૃક્ષો કાપવાની વાત હજુ શમી નથી ત્યાં રેલ્વે સ્ટેશન પર વધારાની નવી ટ્રેક માટે એક હજાર જેટલા વૃક્ષો કાપવાની વાતને લઈ નગરજનોમાં ભારે ચર્ચા જાગી છે. મેટ્રો રેલ પ્રોજેક્ટને લઈ છ-રોડ પર વૃક્ષોનું કટીંગ કરવામાં આવનાર છે. આમ ગાંધીનગરમાં એક તરફ વૃક્ષોના વાવેતર અને બીજી તરફ વૃક્ષોના કટીંગની સ્થિતિને લઈ પ્રકૃતિ પ્રેમીઓ પણ અકળાઈ ઉઠ્યા છે.

## સે ૨૧ જિમખાના ક્રિકેટ સ્ટેડિયમનું હવે બીજા તબક્કાનું કામ હાથ ધરાશે

### નોર્થ અને સાઉથ બ્લોક તૈયાર કરાશેઃ ઘ પ્રકારના ચાર જોખમી બ્લોક પણ તોડવામાં આવશે

ગાંધીનગર, તા.૨૩

સેક્ટર ૨૧ જીમખાના ક્રિકેટ સ્ટેડિયમના નવીનીકરણની યોજના લાંબા સમય થી ચાલી રહી છે જ્યારે પ્રથમ તબક્કામાં ક્રિકેટ મેદાનની પીચ તૈયાર કરવામાં આવ્યા બાદ આગળ નું કામ વિલંબમાં પડ્યું હતું જો કે હજુ આ કામગીરી પૂર્ણ થતાં સમય લાગશે સ્ટેડિયમ ને અનુલક્ષીને હવે બીજા તબક્કામાં નોર્થ અને સાઉથ બ્લોક નું કામ હાથ ધરાશે જ્યારે આ યોજના સંદર્ભે માટે અવરોધ સમાન ઘ ટાઈપના સરકારી આવાસના ચાર જોખમી બ્લોક પણ તોડવામાં આવશે

ગાંધીનગરમાં સે ૨૧ ખાતે ક્રિકેટનુ નવું સ્ટેડિયમ તૈયાર થઈ રહ્યું છે ક્રિકેટ રસિકોમાં ઉત્સાહ પ્રવર્ત્યો છે . જ્યારે કોરોના કાળમાં આ યોજનાનું કામ વિલંબ માં પડ્યું હતું . જેના લીધે આ પ્રોજેક્ટ નિયત સમય ગાળામાં પૂર્ણ થયો નથી આ યોજના અંતર્ગત પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ થઈ ગયું છે . જેમાં કેમ્પસ ડેવલપમેન્ટ, ક્રિકેટની પીચ, પ્રેક્ષક ગેલેરી સહિતનું કામ પૂરું કરી દેવાયુ છે પીચ તૈયાર કરવા કરસન ઘાવરી જેવા દિગ્ગજ ક્રિકેટરોના અભિપ્રાય પણ લેવાયો હતો જ્યારે પીચ તૈયાર કરવા વિશેષ માટી મંગાવી કામ પૂરું કરાયું હતું

હવે બીજા તબક્કાની કામગીરી હાથ ધરાશે નોર્થ અને સાઉથ બ્લોક તૈયાર કરવામાં આવશે. આ અન્વયે ખેલાડીઓ માટે ગ્રીન રૂમ, અમ્પાયર માટેના રૂમ, મેચ પાર્કિંગ સહિતની કામગીરી હાથ ધરવા માટે રૂપિયા ૩૪ કરોડના ખર્ચ અંદાજવામાં આવ્યો છે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. જ્યારે આ યોજના અન્વયે અવરોધરૂપ બનતા ઘ કક્ષાના જોખમી સરકારી આવાસના ૪ બ્લોક તોડી પાડવામાં આવશે આવાસોને જોખમી હોવાના લીધે આમ પણ તેનો નિકાલ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું આગામી દિવસોમાં આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવશે.



શહેરના પાદરેથી પસાર થતી સાબરમતી નદીને બે કાંઠે વહેતી જોવી એ લ્હાવો છે. નદીના ઉપરવાસમાં બે-પાંચ વર્ષે માંડ એકાદવાર સારો વરસાદ પડે ત્યારે તે બે કાંઠે વહેતી થાય છે અને જીવંત બને છે. આ વર્ષે ગુજરાતના દરેક ભાગમાં સારો વરસાદ પડી રહ્યો છે. ઉત્તર ગુજરાતમાં ખુબ સારો વરસાદ પડતા સાબરમતી નદીમાં પાણી આવ્યુ છે. સંત સરોવરના દરવાજા ખોલવામાં આવતા નદીમાં પાણી વહી રહ્યુ હોય તેવા મનોહર દશ્યો જોવા મળી રહ્યા છે.

## બી.એલ.ઓ.ની કામગીરીમાંથી મુક્તિ આપવા શિક્ષકસંઘની માંગ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીને એક પત્ર લખી બુથલેવલ ઓફિસરની કામગીરીમાંથી પ્રા. શિક્ષકોને મુક્તિ આપવામાં આવે અન્ય કેડરના કર્મચારીઓને આ કામગીરી સોંપવામાં આવે તેવી માંગણી કરી છે. ચૂંટણીપંચ દ્વારા રાજ્યમાં હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે શિક્ષક સંઘે તેની આ માંગણીને પુનઃ દોહરાવતાં આ મુદ્દો ભારે ચર્ચાસ્પદ બન્યો છે.

સંઘે તેના પત્રમાં રજુઆત કરતાં જણાવ્યુ છે કે હાલમાં પ્રા. શાળાઓમાં જિલ્લા આંતરિક બદલી કેમ્પોમાં શિક્ષકોની બદલી થતાં શાળામાં મહેકમની ઘટ છે. તેમજ આધાર-ડાયસ ઓનલાઈન, આંગણવાડી તેમજ ધો. ૧ માં બાળકોની ઓનલાઈન ડેટા એન્ટ્રી તેમજ એફએલએન અને ધો. ૨ થી ૮ માં વાંચન, ગણન, લેખનની ડાયટ દ્વારા વિવિધ કામગીરી પણ શિક્ષકો અને આચાર્યોએ શાળામાં બજાવવાની હોય છે.

અર્ધસરકારી કર્મચારીઓને પણ બી.એલ.ઓ. તરીકે નિમણુંક આપવાની જોગવાઈ હોવા છતાં પ્રા. શિક્ષકો પર જ પસંદગી ઉતારવામાં આવે છે અને તેની વિપરીત અસરો શૈક્ષણિક કામગીરી પર થઈ રહી છે.

મતદારયાદી સુધારણાની કામગીરી હવે સતત ચાલતી હોઈ બારેય માસ કાયમી ધોરણે કરવાની થાય છે તો સરકારે હવે આ કામગીરી બેરોજગારોને સોંપી અને કરાવવી જોઈએ તેમજ આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો જોઈએ તેવી અમારી માંગણી છે અને બી.એલ.ઓ.ની કામગીરીમાંથી શિક્ષકોને મુક્ત કરવા જોઈએ.

## કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો : ગૃહમંત્રી હર્ષ સંઘવી

### જે બાળકો વાહનો લઈને સ્ટંટ કરે છે તે બાળકો તો જવાબદાર છે જ પરંતુ તેમના વાલીઓ પણ એટલા જ જવાબદાર હોય છે

ગાંધીનગર, તા.૨૩

અમદાવાદમાં બનેલી અકસ્માતની ઘટનાના પડઘા રાજ્યમાં પડ્યા છે. સુરતમાં પણ રાંદેર પોલીસે મોપેડ લઈને જોખમી રીતે વાહન હંકારતા સગીર અને તેને વાહન આપનાર પિતા સામે કાર્યવાહી હાથ ધરી હતી ત્યારે આ મામલે ગૃહ મંત્રી હર્ષ સંઘવીનું નિવેદન સામે આવ્યું છે. હર્ષ સંઘવીએ કહ્યું હતું કે જે બાળકો વાહનો લઈને સ્ટંટ કરે છે તે બાળકો તો જવાબદાર છે જ પરંતુ તેમના વાલીઓ પણ એટલા જ જવાબદાર છે. બાળકો પાસે લાયસન્સ ન હોય અને વાલીઓએ વાહનો હંકારવા આપશે અને જો એ કોઈ પ્રકારના નિયમ તોડશે તો જરૂરથી જેટલા લોકો પર કાર્યવાહી કરવાની હશે તે થશે જ કોઈ પણ પ્રકારની ભલામણ કે છૂટ ચલાવી લેવામાં આવશે નહી.

સુરતમાં ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે જે બાળકો વાહનો લઈને સ્ટંટ કરે છે તે બાળકો તો જવાબદાર છે જ પરંતુ તેના વાલીઓ પણ એટલા જ જવાબદાર છે. પરિવારજનો બાળકોના



મોજશોખ પુરા કરવા લાયસન્સ ન હોય તો પણ વાહનો ચલાવવા આપી દે છે. જેને લઈને કેટલાય પરિવારે પોતાના વ્હાલા સંતાનો ગુમાવ્યા છે. સુરતમાં જે રાંદેર પોલીસે કામગીરી કરી છે તે અદ્ભુત છે. ગુજરાતમાં તમામ જગ્યાએ આ જ પ્રકારની કામગીરી ચાલુ છે અને હજુ વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આપ સૌ પરિવારજનોને વિનંતી છે કે બાળકો પાસે લાયસન્સ ન હોય અને વાલીઓએ વાહનો હંકારવા આપશે અને જો એ કોઈ પ્રકારના નિયમ તોડશે તો જરૂરથી જેટલા લોકો પર કાર્યવાહી કરવાની હશે તે થશે જ કોઈ પણ પ્રકારની ભલામણ કે છૂટ ચલાવી લેવામાં આવશે નહી.

અમદાવાદમાં અકસ્માત સર્જારનાર તથ્ય પટેલ વિષે હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે તથ્યનો જે જુનો વિડીયો જે વાયરલ થયો છે. તે રેસ્ટોરન્ટ વાલાને બોલાવીને પણ તેની અરજી લઈને તાત્કાલિક એફઆરઆઈ દાખલ કરવામાં આવી છે. આ પ્રકારના કોઈ પણ કિસ્સામાં કોઈ પણ પ્રકારની છૂટ આપવામાં આવશે નહિ. સૌ પરિવારોને હું હાથ જોડીને વિનંતી કરું છું કે તમે તમારા બાળકોના મોજશોખ ઘર સુધી જ સમિતિ રાખો, જો રાજ્યના કોઈ પણ રોડને એ રેસિંગ ટ્રેક બનાવવાની કોશિશ કરશે તો એની પર સખ્ત કાર્યવાહી થશે જ, એ પછી એક બાળક હોય કે પછી એના પિતા હોય એમાં કોઈ પણ પ્રકારની છૂટ આપવામાં આવશે નહિ.

## સે-૩૦ સર્વોદય નગરના રહીશોને શ્વાસ લેવામાં પણ ગૂંગળામણ

### લાંબા સમયથી સમસ્યાનો અંત આવતો નથી

ગાંધીનગર, તા.૨૩

શહેરના સેક્ટરોમાં ગટરો ઉભરાવાની ફરીયાદો વધી છે હાલ નવી લાઈન નાખવાનું કામ ચાલી રહ્યું છે ત્યારે સેક્ટર ૩૦ના સર્વોદયનગરના વસાહતીઓની મૂંઝવણ કંઈક અલગ છે આ વિસ્તારમાં ગટરની અસહ્ય દુર્ગંધથી રહીશોને શ્વાસ લેવામાં પણ મૂંઝારો થાય છે જ્યારે અનેક ફરિયાદોના અંતે પણ સમસ્યા નો અંત આવ્યો નથી જી કે તંત્ર ના અધિકારીઓના મતે પાકા પ્લાસ્ટરની નીચે દબાયેલી સમસ્યા હોવાની સાથે ઘરના કમ્પાઉન્ડની અંદરનો પ્રશ્ન છે ખેર એ જે હોય તે પરંતુ સ્થાનિકોની આ સમસ્યા હાલ મૂંઝવણ નો વિષય બની છે

સેક્ટર ૩૦માં સર્વોદયનગર વસાહત હાઉસિંગ બોર્ડ દ્વારા બાંધવામાં આવી છે, જ્યાં પાણીનું વિતરણ કરવાની અને ગટરની વ્યવસ્થા પાટનગર યોજના વિભાગ દ્વારા જ કરવામા આવી છે જ્યારે આ વ્યવસ્થા મામલે જાળવણી નું કામ પણ પાટનગર યોજના વિભાગ સંભાળે છે આ સ્થિતિ વચ્ચે આ વિસ્તારમાં ગટરોના લીધે તીવ્ર દુર્ગંધ ની સમસ્યા સ્થાનિકો માટે મૂંઝવણ નું કારણ બની છે ગટરો ઉભરાવાનો પ્રશ્ન નથી પરંતુ જે દુર્ગંધ ફેલાઈ રહી છે. જેના પરિણામે સ્થાનિકો ભારે મૂંઝવણમાં મુકાયા છે . સ્થાનિક ઈક્વાયરીમાં આ મુદ્દે સતત ફરિયાદો કરવામાં આવ્યા પછી કોઈ નિરાકરણ નહીં આવતાં આ મામલે ગટર શાખાના વડા અધિકારી સુધી ફરિયાદ કરવામાં આવ્યા બાદ ગટરના નિષ્ણાંતો તપાસના નામે નાટક કરીને ચાલ્યા જતાં હોવાનો સ્થાનિક રહેવાસીઓ આક્ષેપ કરી રહ્યાં છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com